# સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદની બેઠક યોજાઈ

## ઘણીબધી કામગીરી ઉપર વ્યાપક ચર્ચા વિચારણા : સામાન્ય સભા કાયદેસરની નથી તેવો વાંધો ઉઠાવી ૧૦થી ૧૫ સભ્યોએ સભાનો ત્યાગ કર્યો : ઘણા કામ મંજુર થયા

અમદાવાદ,તા. ૧૦

સેન્ટ્રલ બોર્ડ ઓફ ક્રિકેટ અમદાવાદની ૭૫મી વાર્ષિક સામાન્ય સભા આજે મળી હતી. પ્રમુખ ભરત ઝવેરીના નેતૃત્વમાં મળેલી આ બેઠકમાં તમામ પાસાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કારોબારી કમિટિની બેઠકમાં મોટી સંખ્યામાં સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. એજન્ડાના કામ હાથમાં લેતા ગત વાર્ષિક સામાન્ય સભાની બેઠકો. વાર્ષિક હિસાબ અને વાર્ષિક અહેવાલની રજુઆત વગેરે મંજુર કરવા સભ્યોએ દરખાસ્ત કરી હતી. કેટલાક સભ્યોએ ગત વાર્ષિક સામાન્ય સભાની



એજન્ડાની કેટલીક બાબતો બાકી હતી તેની પણ વાત કરી હતી. કેટલાક સભ્યોએ ચોક્કસમુદ્દે વાંધાઓ પણ ઉઠાવ્યા હતા. સંસ્થાના પ્રમુખ ભરત ઝવેરીએ આ વાંધાઓ નકારતા જણાવ્યું હતુ કે કેટલાક સભ્યોએ કોર્ટમાં કેસ કરેલો છે.

આજની સામાન્ય સભા અને ચૂંટણી અંગેની કાર્યવાહી તેમજ હિસાબ અંગેની દરખાસ્તને મંજુર કરવાની દરખાસ્ત કરી હતી. ભરતભાઈએ સભા સમક્ષ રજુ કરેલા વાર્ષિક હિસાબોને સર્વાનુમતે મંજુર કર્યા હતા. આ હિસાબ ૨૦૦૯-૨૦૧૦,૨૦૧૧ અને ૨૦૧૨ના હતા. આ અગાઉ સામાન્ય સભા કાયદેસરની નથી તેવો વાંધો ઉઠાવીને ૧૦થી ૧૫ સભ્યોએ સભાનો ત્યાગ કર્યો હતો અને બાકીના ૧૪૦થી ૫૦ સભ્યોએ વાર્ષિક હિસાબ, વાર્ષિક અહેવાલ ઓડિટરની નિમણૂંક અને મહેનતાણુ જેવા એજન્ડા પર કામ સર્વાનુમતે મંજુર કર્યા હતા. બંધારણ નંબર સાત મુજબ જરૂરી ૧૯ સંસ્થાના પ્રતિનિધિઓ અને ત્રણ વ્યક્તિગત સભ્યોની કારોબારી સમિતી બની હતી. જે મુજબ ૧૯ ઉમેદવારોને બિનહરિફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.



અમદાવાદના ત્રણ દરવાજા વિસ્તારમાં દિવાળીની ખરીદીનો માહોલ જામી ગયો છે.

# જુદા જુદા રાજવી પરિવારના સભ્ય પણ ભાજપમાં જોડાયા

## ભાજપની તાકાતમાં દિનપ્રતિદિન વધારો : અમદાવાદ જિલ્લા બક્ષીપંચના ઉપપ્રમુખે પણ હવે તેમના ટેકેદારો સાથે ભાજપમાં પ્રવેશ કર્યો : વિધિવતરીતે સ્વાગત

અમદાવાદ, તા. ૧૦

છોટા ઉદેપુરના ભૂતપૂર્વ મહારાજા ઐશ્વર્ય પ્રતાપસિંહના નેતૃત્વમાં આજે કેટલાક પૂર્વ રાજાઓ તથા રાજવી પરિવારના સભ્યો સામૂહિક રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.

ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજાએ આજે ભાજપમાં પ્રવેશ મેળવનાર પૂર્વ મહારાજા તથા રાજવી પરિવારના સભ્યોના નામની જાહેરાત કરી હતી. અને ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરષોત્તમ રૂપાલાએ તમામ સભ્યોને કેસરી ખેસ ઓઢાડી ભાજપમાં પ્રવેશ તથા આવકાર આપ્યો હતો. આજે ભાજપમાં જોડાયેલા વડોદરા જિલ્લાના છોટા ઉદેપુરના પૂર્વ મહારાજા ઐશ્વર્ય પ્રતાપસિંહ, વિરેન્દ્રસિંહ ચૌહાણ, પંચમહાલ જિલ્લાના શિવરાજપુરના ઠાકોર સાહેબ અજીતસિંહ, શ્રીમતી પુનમબેન ઠાકોર, વડોદરા જિલ્લાના કદવાણના જયપ્રતાપસિંહ, છાણીપરના રાઉલ રત્નદીપ સિંહ, શત્રુઘ્નસિંહ, કુંવર સાહેબસિંહ અનિરૂદ્ધસિંહ ઝાલા, પંચમહાલના બાકરોલના કુંવર કુલદીપસિંહ ગોહિલ, મધ્યપ્રદેશના ધાર જિલ્લાના અને વર્ષોથી વડોદરામાં સ્થાયી થયેલા ચંદ્રસિંહ સોલંકી, આણંદ જિલ્લાના ખેડાના કુંવર હનુમંતસિંહ પરમાર, ગાંધીનગર જિલ્લાના વરસોડાના ઠાકોર જય વિજય સિંહ તથા છોટાઉદપુરના રાજમાતા નિર્મલકુમારી ચૌહાણ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અમદાવાદ જિલ્લા કોંગ્રેસ બક્ષીપંચ સેલના ઉપપ્રમુખ કૈલાસસિંહ ઠાકોર પણ તેમના ટેકેદારો સાથે ભાજપમાં જોડાયા હતા.

# આજે ધનતેરસની ઉજવણી થશે : સોના-ચાંદીની ખરીદી

## લક્ષ્મીપૂજન થશે : ઘરેણાની ખરીદી : જ્વેલરી ઉપરાંત સિક્કા અને લગડીની ખરીદીનો ક્રેઝ વધ્યો વાઘબારસ ઉજવાઈ : પ્રસંગે ખરીદી માટે ભીડ

અમદાવાદ, તા. ૧૦

આવતીકાલ તા. ૧૧મીને રવિવારના રોજ ધનતેરસની ઉજવણી કરવામાં આવશે. લક્ષ્મીપૂજન કરવા ઉપરાંત લોકો સોના-ચાંદીના ઘરેણાની ખરીદી કરીને ધનતેરસની ઉજવણી કરશે. સોનાનો ૧૦ ગ્રામનો ભાવ રૂા. ૩૨૦૦૦થી વધુ હોવા છતાં આવતીકાલે નાગરિકો મોટા પ્રમાણમાં ખરીદી કરશે એવું જાણવા મળે છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પુષ્યનક્ષત્રના દિવસે અમદાવાદ સહિત રાજ્યમાં મોટા પ્રમાણમાં સોના-ચાંદીની ખરીદી કરવામાં આવી હતી. ધનતેરસના તહેવારને ધ્યાનમાં રાખીને ઘણા લોકોએ તો એડવાન્સમાં બુકીંગ કરાવી દીધું છે અને હવે આવતીકાલે સારા ચોઘડીયામાં જ્વેલર્સ પાસેથી ડીલીવરી લેશે. સોના-ચાંદી અને હીરાની જ્વેલરી ખરીદવા ઉપરાંત હવે લોકો સિક્કા અને લગડી ખરીદવાનું વધુ પસંદ કરે છે. સોનાનો ભાવ રૂા. ૩૨૦૦૦ કરતાં વધુ અને ચાંદીનો ભાવ રૂા. ૬૦ હજારથી વધુ હોવા છતાં આવતીકાલે રાજ્યમાં કરોડોની ખરીદી થવાની આશા જ્વેલર્સે રાખવી રહ્યા છે. આ ઉપરાંત ધનતેરસના દિવસે લક્ષ્મીપૂજનનું મહત્વ ઘણું હોવાથી લોકો લક્ષ્મીદેવીની પૂજા કરશે.

જ્યારે આજે રાજ્યમાં અગિયારસ અને વાઘબારસની એક સાથે ઉજવણી કરવામાં આવતાં દિવાળીના તહેવારોની ઉજવણીની શરુઆત થઈ ગઈ છે. અગિયારસને રમા એકાદશી તરીકે અને વાઘબારસનો ગોવત્સ દ્વાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે. દિવાળીના તહેવારોને અનુલક્ષીને બજારોમાં છેલ્લી ખરીદીની ભારે ભીડ જોવા મળે છે. ત્રણ દરવાજા, ભદ્ર, રીલીફ રોડ, ઢાલગરવાડ, સી જી રોડ, એસ જી રોડ પર આવેલા મોલ્સ અને શો રૂમમાં ખરીદી કરવા માટે જબરદસ્ત ભીડ ઉમટી પડી છે. આથી મુખ્ય રસ્તાઓ પર ખાસ કરીને ચાર રસ્તાઓ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે.

### ઓપરેશન ઉત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોઠવી દીધી છે. તે ઉપરાંત તહેવારો અને વેકેશન દરમ્યાન રજાઓ માણવા મકાન બંધ કરીને ફરવા ચાલ્યા જતાં શહેરીજનો માટે પણ તેમની માલ-મત્તા કે દર-દાગીનાની સલામતી માટે 'ઓપરેશન ઉત્સવ' પ્લાન ઘડી કાઢવામાં આવ્યો હોવાનું ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. એ.સા.જી. પરમારે જણાવ્યું છે. જે પ્લાન અંતર્ગત શહેરીજનોએ શું-શું કાળજી રાખવી તે તમામ બાબતો દર્શાવતી પત્રીકા અને ઘર બંધ કરીને જતાં પહેલા પોલીસને જાણ કરવા માટેનું એક ફોર્મ ગાંધીનગર પોલીસ દ્વારા ઘરે ઘરે પહોંચાડવામાં આવશે. જે મારફતે વેકેશન દરમ્યાન કયાં કયાં મકાનો બંધ રહેવાના છે તેની યાદી બનાવીને તે વિસ્તારોમાં પોલીસ ખાસ પેટ્રોલીંગ ગોઠવી સુરક્ષા પુરી પાડશે.

### ધ્યાનમાં રાખવા જેવી બાબતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- પાડોશમાં રહેતી વ્યક્તિ બહારગામ ગઈ હોય ત્યારે આસપાસના રહીશોએ પોતાની નૈતિક ફરજના ભાગરૂપે તેમના મકાનની કાળજી રાખવી અને અજુગતુ જણાય તો સ્થાનિક પોલીસને જાણ કરવી.
- નાઈટ પેટ્રોલીંગ કરતી પોલીસ સાથે જોડાવા સ્થાનિક પોલીસમથકના પી.આઈ.નો સંપર્ક કરવો.
- સોસાયટીમાં દિવસ દરમ્યાન કોઈ શક પડતા અજાણ્યા વ્યક્તિઓ જેવા કે તાળાકુંચી બનાવવા વાળા, વેશધારી બનીને ફરતા માંગવાવાળા કે અન્ય શક પડતા ફેરીયાઓ જણાય તો પોલીસને જાણ કરવી.
- છેવાડાના મકાન હોય ત્યાં શમ્પ હોય તો લાઈટ રાખવી.
- ભીડભાડમાં ખરીદી કરવા જાઓ ત્યારે પહેરેલા દાગીના તેમજ પાકીટની ખાસ કાળજી રાખવી.
- મોટી રકમના નાણાં બેંકમાંથી ઉપાડીને કે દુકાનેથી ઘરે લઈ જતા હોવ ત્યારે કોઈ વ્યક્તિ વોચ રાખી રહ્યુ છે કે કેમ તેનું ધ્યાન રાખવું. જો એવી કોઈ વ્યક્તિ જણાય તો આસપાસના લોકોનું તેમજ પોલીસનું ધ્યાન દોરવું.

# દિવાળીની ભીડને ધ્યાનમાં લઈ રેલવેની ખાસ વ્યવસ્થા

## અમદાવાદથી મોટા શહેરોની વચ્ચે દોડતી પાંચ મહત્વની ટ્રેનોમાં ૧૦ વધારાના કોચ લગાવાયા : ટ્રેનો હાઉસફુલ

અમદાવાદ, તા. ૧૦

મોટાભાગની ટ્રેનોમાં હાઉસફુલની સ્થિતિ જોવા મળી છે. હોસ્ટેલોમાં રહીને અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓ અને પરિવાર જે વિદ્યાર્થીઓનો દૂર રહે છે તે વિદ્યાર્થીઓ તહેવારની ઉજવણી કરવા વતન માટે રવાના થઈ ગયા હતા. રેલવે દ્વારા પણ દિવાળીની ભીડને ધ્યાનમાં લઈને વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદથી જુદાજુદા શહેરો વચ્ચે દોડતી પાંચ મુખ્ય ટ્રેનોમાં ૧૦ વધારાના કોચ લગાવવાનો આદેશ કર્યો છે. રેલવે યાત્રીઓને તમામ પ્રકારની રાહત આપવામાં આવી રહી છે. અમદાવાદથી ઉપડતી અને અમદાવાદથી પસાર થતી મોટાભાગની ટ્રેનોમાં નો રૂમની સ્થિતિ જોવા મળી રહી છે. તહેવારની શરૂઆત થઈ ચુકી છે ત્યારે મોટાભાગના લોકો પહેલાથી જ બુકિંગ કરાવી ચુક્યા હતા. એજન્ટો પણ સક્રિય થયા હોવાની માહિતી મળી છે. મોટાભાગના લોકો ત્રણથી ચાર મહિના પહેલાથી જ ટિકિટો બુક કરાવી ચુક્યા છે જેથી વધુ મુશ્કેલી નડી રહી છે. ગરીબ અને મજુર વર્ગના લોકો છેલ્લી ઘડીએ ટિકિટ બુક કરાવે છે જેથી હંમેશા મુશ્કેલીઓ નડે છે.

### કઈ ટ્રેનોમાં વધુ કોચ

૧. ૧૨૯૫૭ અમદાવાદ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ ત્રણ નવા કોચ)
૨. ૧૨૯૧૦ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ શતાબ્દિ એક્સપ્રસ એક કોચ)
૩. ૧૨૯૩૪ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી(કુલ બે કોચ)
૪. ૧૨૨૬૮ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ દુરન્ટો(બે કોચ)
૫. ૧૨૯૩૭ ગાંધીધામ-હાવડા એક્સપ્રેસ(બે કોચ)

# ગાંધીનગરસહિત રાજ્યમાં ઠંડીનું તીવ્ર મોજું યથાવત

## પાટનગર ગાંધીનગરમાં ૧૫ ડિગ્રી તાપમાન : ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ યથાવત રહેવાની આગાહી કરાઈ અમદાવાદ શહેરમાં ૧૫.૫ અને વલસાડ ૧૫.૬ ડીગ્રી

અમદાવાદ, તા. ૧૦

અમદાવાદ સહિત રાજ્યમાં આજે ઠંડીનું મોજુ ચાલુ રહ્યું હતું. ખાસ કરીને રાત્રે અને વહેલી સવારે ઠંડીની અસર વધારે અનુભવાય છે. રાજ્યમાં આજે સૌથી વધારે ઠંડી ગાંધીનગરમાં ૧૫.૦ ડીગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં ઠંડીનું પ્રમાણ યથાવત રહેશે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રીથી આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૧ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧૫.૫ ડીગ્રી જે સામાન્ય કરતાં બે ડીગ્રી ઓછું નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૦ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૩૦ ટકા નોંધાયું હતું. અમદાવાદ સહિત રાજ્યમાં હવે રાત્રે અને વહેલી સવારે ઠંડીનો અનુભવ થાય છે. અને સ્વેટર, શાલ, મફલર સહિત ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે. હવે ધીમે ધીમે શિયાળો જામી રહ્યો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન વલસાડમાં ૧૫.૬ ડીગ્રી, ડીસામાં ૧૬.૬, નલીયામાં ૧૮.૬ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું.

### ડેન્ગ્યુના પ્રસાર માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંગેની કાળજી લેવામાં આવે તો ચોક્કસ સારૂ થઈ શકે છે.

આ સેમિનારને સંબોધતાં જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણીએ જણાવ્યું હતુ કે મચ્છરની કરડયા પછીની ઉડ્ડયન ક્ષમતામાં ઘટાડો થતો હોય છે. તેમણે એમ પણ કહ્યું હતું કે દિવસ દરમિયાન ડેન્ગ્યુનો મચ્છર કરડતો હોય છે. તેમણે ઘરની તેમજ ઘરની આસપાસમાં સ્વચ્છતાનો આગ્રહ સેવી જણાવ્યું હતું કે નિયમિત સફાઈ પણ ઉપકરણોની થાય તે જરુરી છે. તેમણે શરીરના અંગોને ઢાંકી રાખે તેવા વસ્ત્રો પહેરવાનું સૂચવ્યું હતું. તાવના ચોક્કસ નિદાન માટે લોહીની તપાસ કરાવવી તેમજ પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવાની વાત કહી જન જાગૃતિ પર ભાર મુકયો હતો.

મ્યુનિ. કમિશનર શ્રી એસ.પી. પાડલિયાએ જણાવ્યું હતુ કે આજના સેમિનારમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા વધારે છે. તેમણે ગૃહજીવનમાં મહિલાઓની સક્રિયતા જે છે તે નોંધનીય છે અને સક્રિયતાની સાથે તેમની જાગૃતતા હશે તો સ્વસ્થ સમાજની રચનાનો માર્ગ સરળ બનશે.


પ્રારંભમાં મ્યુ. કોર્પોરેશનના મેડીકલ ઓફિસર ડૉ. દિનેશ બારોટે સ્વાગત પ્રવચન કર્યું હતું અને ડેન્ગ્યુ અંગે લોક જાગૃતિ અભિયાન વિશેની વિગતો આપી હતી.

### લાંબી લાઈનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેંકોમાં અડધો દિવસ જ કામકાજ રહેતુ હોવાથી સવારે તો બેંકોમાં ગ્રાહકો ઉમટ્યા હતા. બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરો અને મજૂરો દિવાળીના તહેવારો ઉજવવા વતન જાય તે પહેલા કોન્ટ્રાક્ટરો તેમને બોનસ ચુકવી દે છે. આવા કોન્ટ્રાક્ટરો અને વેપારીઓએ ખુબ મોટી માત્રામાં રોકડ રકમ ઉઠાવી હતી. એકસાથે ખુબ વધુ રોકડ રકમ ઉઠાવાતા બેંકોમાં રોકડની તંગી સર્જાઈ હતી. કેટલીક બેંકોમાં ૫૦ હજારથી વધુ રોકડ રકમ નહી આપવાનો ગ્રાહકોના હિતમાં નિર્ણય લેવાયો હતો. ધનતેરસના દિવસે પૂજામાં મુકવા માટેના સોના-ચાંદીના સિક્કાઓ પણ ખરીદવા બેંકોમાં ગ્રાહકો ઉમટ્યા હતા. આ ઉપરાંત લોકરમાંથી સોના-ચાંદીના દાગીના લેવા પણ ગૃહિણીઓ બેંકોમાં પહોંચી હતી. નવી નોટો લેવા માટે સામાન્ય નાગરીકોની ભીડ જોવા મળી હતી. શહેરની સૌથી મોટી બેંક એસબીઆઈની બહાર શનિવારની સવારે એક કિલોમીટર લાંબી લાઈન જોવા મળી હતી. સેક્ટર-૧૬ના બેંક વિસ્તારમાં પણ આજ પરિસ્થિતિ જોવા મળી હતી.

### શબ્દાવલી - ૪૮૯૫



**આડી ચાવી**

૧. પ્રશંસા, તારીફ (૩)
૩. બકવાટ, ખોટી કચ કચ (૩)
૫. રગ, નાડી (૨)
૬. અંતર (લંબાઈ) માપવાનું એક માપ (૨)
૮. સતામણી (૪)
૧૦. રમતગમતના મંડળને રમવાની જગ્યા (૪)
૧૨. હોટલ, ઢાળો (૨)
૧૩. મેલુ, ગંદુ (૩)
૧૪. મઠા જેવી એક વાનગી (૩)
૧૫. મોર - કરે ત્યારે સુંદર લાગે (૩)
૧૬. કચુંબર, કાચા ખવાતા શાકભાજીને કાપીને મીક્સ કરે તે (૩)
૧૭. સગવડ (૪)
૨૦. એક પ્રાણી (૩)

**ઊભી ચાવી**

૧. વૃક્ષોની લાંબી હારમાળા (૪)
૨. પોતીકું, અંગત (૨)
૩. પ્રેમ, લાગણી હોવી તે (૩)
૪. વાવવું તે, અનાજની...(૩)
૭. પાનખર (૪)
૮. પખાલ લઈ પાણી છાંટનાર (૩)
૯. અવિચારી ગુસ્સો (૩)
૧૧. ચગળવું, વાગોળવું (૫)
૧૨. લોઢુ, લોહ (૩)
૧૪. પથ્થર ઉપર કોતરેલ લેખ (૪)
૧૫. સત્ત્વ, સાર (૨)
૧૮. સુગંધી લાકડું (૨)
૧૯. રજની, નિશા (૨)

### શબ્દાવલી ૪૮૯૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) સળવળાટ (૩) મુક (૫) અદલ (૬) નયનરમ્ય (૮) લવો (૯) બસ (૧૧) સમૃધ્ધ (૧૩) સબરસ (૧૬) તાગ (૧૭) ગિરજાઘર (૧૮) વાલોળ (૧૯) વાક (૨૦) ઢમઢોલ (૨૧) અંટલ

**ઊભી ચાવી :-** (૧) સર્જન (૨) વચનબધ્ધ (૩) મુદ્દલ (૪) કલવો (૭) રસ (૧૦) કુબજા (૧૧) સત્તારૂઢ (૧૨) મૃગ (૧૩) સરળ (૧૪) રઘવાટ (૧૫) સરકસ (૧૭) ગિલોલ (૧૮) વાઢો

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

વળતર... વળતર... વળતર...
ગાંધી જયંતિ અને દિવાળીના તહેવારો નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વર્ષમાં ફક્ત એક જ વખત તદ્દન નવી વેરાયટી નવા સ્ટોક સાથે
સ્પે. ઓફર 20% ડિસ્કાઉન્ટ
પડદાના કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૧-૨૦૧૨ સુધી
તેમજ હેન્ડલુમની તદ્દન નવી વેરાઈટીઓ, ટેરી ખાદી, પોલીસ્ટર ખાદી, કોટન ખાદી, ચાદર, ટુવાલ, લુંગી, આશનપટ્ટા, શેતરંજી, ચોરસા, સોફાબેક, ડ્રેસ મટીરીયલ્સ તેમજ હેન્ડલુમની અન્ય વેરાઈટી ઉપર ખાસ 10% ડિસ્કાઉન્ટ
ભારત હેન્ડલુમ — દુ.નં.૧૬, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન : ૨૩૨ ૨૫૧૧૦
સર્વોદય હેન્ડલુમ — પ્લોટ-૨૧૭, દુ.નં.૧૪, શાકમાર્કેટ પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર ફોન : ૨૩૨૩૦૩૧૦
રવિવારે શો-રૂમ ચાલુ છે

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણો ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O):23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT · KisaN · VINAYAK 500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ